THE SURAT MERCANTILE CO-OP. BANK LTD.

IN YOUR SERVICE SINCE 1965

DIGITAL BANKING & CYBER SECURITY AWARENESS GUIDE

13th Scoba Pride Award(SPA-2021) Large Bank Category

1st Rank in Total Business Growth & Expansion
1st Rank in Profitability Management
2nd Rank in Financial Stability

સલામતી જાગૃતિથી શરૂ થાય છે અને જાગૃતિ તમારાથી શરૂ થાય છે, તેથી વધુ માહિતી માટે ડિજિટલ બેંકિંગ અને સાયબર સુરક્ષા જાગૃતિ માર્ગદર્શિકા સાથે સંપર્કમાં રહો.

INDEX

Description	Page No.
ATM / Debit Card	1
CardSafe Application	4
IMPS	5
NEFT / RTGS	7
Mobile Application (IMPS / NEFT)	9
UPI	12
Net Banking (View Only)	14
Telegram Banking	15
Toll Free Banking	16
E-Statement	17
Positive Pay	17
Cyber Security Tips	18

Debit Card

૧. Debit Card કોણ લઈ શકે છે?

Debit Card - The Surat Mercantile Co.op. Bank Ltd.ના સેવીંગ્સ અને કરંટ ખાતેદાર લઈ શકે છે .
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.
માઈનોર ખાતેદાર લઈ શકશે નહીં.

૨. NEW Debit Card લેવા માટે શું કરવું ?

શાખા પર ખાતેદારે રૂબરૂ જવું પડશે.
શાખા પર Debit Card મેળવવા માટે જરૂરી વિગત સાથેનું ફોર્મ ભરવું પડશે.
શાખા અધિકારી તમારૂ ફોર્મ ચકાસી તમને તરત જ Debit Card ઈસ્યુ કરી આપશે.

૩. Debit Card ક્યારે એકટીવ થશે ?

Debit Card ઈસ્યુ કર્યાનાં એક દિવસ બાદ એકટીવ થશે.

૪. Debit Card નો PIN કેવી રીતે મેળવી શકાય છે ?

Debit Card નો PIN મેળવવા The Surat Mercantile Co.op. Bank Ltd. નાં જ ATM તથા કેશ રીસાયકલર મશીનમાં Green PIN નો ઉપયોગ કરી નવો PIN મેળવી શકાય છે.
Card Safe Application ના ઉપયોગથી તમારા Debit Card નો નવો PIN સેટ કરી શકાય છે.

૫. Debit Card PIN નો ચાર્જ શું છે?

Debit Card ના પ્રથમ PIN માટે કોઈપણ ચાર્જ નથી. પરંતુ બીજી વખત PIN મેળવવા માટે બેંકે વખતો-વખત નક્કી કરેલા ચાર્જ લેવામાં આવશે.

૬. Debit Card વડે દૈનિક રોકડ ઉપાડ મર્યાદા કેટલી છે?

Debit Card વડે દૈનિક રોકડ ઉપાડ મર્યાદા રૂ. ૨૫,૦૦૦/- છે.

૭. Debit Card વડે દૈનિક શોપીંગ મર્યાદા કેટલી છે?

Debit Card વડે દૈનિક ઓનલાઈન (ECOM) ની શોપીંગ મર્યાદા રૂ. ૫૦,૦૦૦/ છે.
Debit Card વડે દૈનિક ઓફલાઈન (POS) ની શોપીંગ મર્યાદા રૂ. ૫૦,૦૦૦/ છે.

૮. Debit Card વડે PIN નો ઉપયોગ ક્યાં કરવો?

Debit Card વડે PIN નો ઉપયોગ રોકડ ઉપાડ તેમજ ઓફલાઈન શોપીંગ કરતી વખતે કરવાનો રહેશે. **(જ્યાં CARD ફીઝીકલી રજુ કરવુ પડે ત્યાં PIN નો ઉપયોગ કરવાનો રહેશે)**

૯. Debit Card વડે OTP નો ઉપયોગ ક્યાં કરવો?

Debit Card વડે OTP નો ઉપયોગ ઓનલાઈન શોપીંગ કરતી વખતે કરવાનો રહેશે. **(જ્યાં CARD ફીઝીકલી રજુ કરવુ ના પડે ત્યાં OTP નો ઉપયોગ કરવાનો રહેશે.)**

(પ્રિય ગ્રાહકો, કયારેય પણ તમારો કાર્ડ નંબર, સમાપ્તિ તારીખ, સીવીવી, પિન, ઓટીપી, પાસવર્ડ, કોઈપણ સાથે તેમજ કોઈપણ રીતે શેર કરશો નહી. આનો દુરૂપયોગ થઈ શકે છે. બેંક કયારેય પણ ગ્રાહકો પાસે આવી વિગતો માંગતી નથી.)

૧૦. Debit Card ખોવાઈ જાય અથવા ચોરી થઈ જાય ત્યારે શું કરવું?

તમાર રજીસ્ટર્ડ મોબાઈલ પરથી બેંકના Toll Free No. 07949130492 પર Miss Call કરી તમારો Debit Card બ્લોક કરી શકાય છે, તેમજ CardSafe App ના ઉપયોગથી પણ Debit Card બ્લોક કરી શકાય છે, તથા શાખા પર રૂબરૂ જઈને પણ કાર્ડ બ્લોક કરાવી શકો છો..

૧૧. Debit Card ટ્રાન્ઝેકશન Failed થયેલ હોય તો તે ખાતામાં પરત ક્યારે જમા થશે?

સામાન્ય રીતે Failed ટ્રાન્ઝેકશન તરત જ ખાતામાં રીવર્સ થઈ જાય છે પરંતુ જો તે તરત રીવર્સ ના થયુ હોય તો બીજા દિવસે Debit Card ટ્રાન્ઝેકશન્સનું રીકન્સીલેશન થાય છે અને બેંક તે Failed ટ્રાન્ઝેકશન મેન્યુઅલી જમા આપે છે. જો રીકન્સીલેશનમાં તે ટ્રાન્ઝેકશન Successful થયેલ જણાશે તો ગ્રાહક શાખા કાઉન્ટર પર અથવા ઓનલાઈન કમ્પ્લેઈન કરી શકશે.

૧૨. ATM PIN ભુલાય ગયેલ છે તો મારે કેવી રીતે નવો પીન લેવો?

તમારે The Surat Mercantile Co.op. Bank Ltd. નાં ATM પર જવું પડશે, તેમાં Green Pin વિકલ્પ વડે તમારો નવો Pin બનાવી શકશો. તેમજ Card Safe એપલીકેશન દ્વારા પણ નવો Pin બનાવી શકો છો.

૧૩. ATM Machine માં રોકડ ઉપાડ સીવાય બીજી કઈ કઈ સુવિધા છે?
ATM Machine માં રોકડ ઉપાડ સીવાય મીની સ્ટેટમેન્ટ પ્રીન્ટ કરી શકશે. બેલેન્સ ચેક કરી શકાશે તથા પ્રીન્ટ કરી શકાશે.

૧૪. Cash Recycler Machine માં રોકડ જમા કરવા માટે શું જરૂર પડે છે ?
Cash Recycler Machine માં રોકડ જમા કરવા માટે The Surat Mercantile Co.op. Bank Ltd. નાં Debit Card નો ઉપયોગ કરવો પડેશે અથવા એકાઉન્ટ નંબર થી પણ રોકડ જમા કરાવી શકાશે.

૧૫. Cash Recycler Machine માં રોકડ ઉપાડ સીવાય બીજી કઈ કઈ સુવિધા છે ?
Cash Recycler Machine માં રોકડ ઉપાડ સીવાય રોકડ જમા કરાવી શકો છો, મીની સ્ટેટમેન્ટ પ્રીન્ટ કરી શકશે, બેલેન્સ ચેક કરી શકાશે તથા પ્રીન્ટ કરી શકાશે.

૧૬. Cash Recycler Machine માં કઈ કઈ નોટ જમા કરી શકાય છે?
Cash Recycler Machine માં રૂ. 2,000/-, 500/- અને 100/- ની નોટ જમા કરી શકાય છે અને એક સાથે 90 નોટ થી વધારે જમા થશે નહી.

૧૭. Cash Recycler Machine માં રોકડ જમા કરી પરંતુ ખાતામાં જમા પડયા નથી?
Cash Recycler Machine માં રોકડ જમા કરતી વખતે મશીન માં કોઈ ટેકનીકલ મુશ્કેલીનાં કારણે મશીને રોકડ સ્વીકારી લીધેલ છે પરંતુ ખાતામાં જમા થયા નથી ત્યારે ATM Room માં મુકેલ Complaint Book માં Complaint નોંધવી.બીજા દિવસે રીકન્સીલેશન થયા બાદ ખાતામાં ક્રેડીટ આપવામાં આવશે.

૧૮. The Surat Mercantile Co Op Bank Ltd. નો કસ્ટમર કેર નંબર શું છે?
The Surat Mercantile Co Op Bank Ltd. નો કસ્ટમર કેર નંબર 0261-2531753 છે. તેમાં તમે ડીજીટલ સેવા અંગે જણાતી કોઈપણ મુશ્કેલી અંગે મદદ લઈ શકો છો.

Safe digital banking
start with you.
Transact **safely**

CARD SAFE APPLICATION

૧. Card Safe Application નો ઉપયોગ શું છે ?

તમે તમારા Debit Card ના ટ્રાન્ઝેકશનને કંટ્રોલ કરી શકો છો.

Card Safe Application ના ઉપયોગથી POS / ATM / ECOM ના ટ્રાન્ઝેકશનની લીમીટ સેટ કરી શકાય છે જેથી સેટ કરેલ લીમીટથી વધારે રકમનું ટ્રાન્ઝેકશન થશે નહી.

Card Safe Application ના ઉપયોગથી તમારા Debit Card ના બધાજ ટ્રાન્ઝેકશન Block કરી શકાય છે.

Card Safe Application ના ઉપયોગથી તમારા Debit Card નો નવો PIN સેટ કરી શકાય છે.

ગ્રાહક ટ્રાન્ઝેકશન કરતા પહેલા જ Card Safe Application ના ઉપયોગ થી ટ્રાન્ઝેકશન એકટીવેટ કરી શકે છે અને ટ્રાન્ઝેકશન કર્યા બાદ તુરંત બ્લોક કરી શકે છે, આમ કરવાથી કાર્ડના દુરૂઉપયોગ સામે રક્ષણ મળે છે.

ગ્રાહક Toll Free સેવાનો ઉપયોગ કર્યા વગર તેમજ શાખા પર રૂબરુ ગયા વગર Debit Card બ્લોક કે અનબ્લોક કરી શકે છે.

૨. Card Safe Application નો ઉપયોગ કરવા શું કરવું.

જો તમે Android Mobile યુઝર્સ છો તો Play Sore પરથી અને જો તમે IOS
(I Phone) યુઝર્સ છો તો App Store પરથી Card Safe Application ડાઉનલોડ કરી શકો છો.

Card Safe Application પર રજીસ્ટ્રેશન કરવા માટે તમારા રજીસ્ટર મોબાઈલ નંબર પરથી રજીસ્ટ્રેશન કરવું પડશે.

Set transaction
limits on your cards.
Reduce risks

IMPS

૧. IMPS કરવુ હોય તો શું જરૂરી છે ?

કસ્ટમર આઈડી વ્યકિતગત (Individual) કોન્સ્ટીટયુશન વાળુ હોવું જોઈએ.
The Surat Mercantile Co.op. Bank Ltd.ની મોબાઈલ બેંકીંગનો ઉપયોગ કરતા હોવા જોઈએ, ફકત મોબાઈલ બેંકીંગ વડે IMPS થી ફંડ ટ્રાન્સફર થશે. નેટ બેંકીંગથી IMPS તથા ફંડ ટ્રાન્સફર થશે નહીં.
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.
માઈનોર એકાઉન્ટમાંથી IMPS થઈ શકશે નહીં.
IMPS નું Registration હોવું જોઈએ.

૨. IMPS થી ફંડ ટ્રાન્સફર કરવા માટે કઈ વિગતની જરૂર પડે?

IMPS થી ફંડ ટ્રાન્સફર કરવા માટે બેનીફીશીયરી એકાઉન્ટ નંબર, નામ અને સામેની બેંકના IFSC Code ની જરૂર પડે છે.

૩. IMPS થી કેટલુ ફંડ ટ્રન્સફર કરી શકાય?

જો બેનીફીશીયરી એકાઉન્ટ માં પ્રથમ વખત ફંડ ટ્રાન્સફર કરતા હોય તો પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૧૦,૦૦૦/- ની અંદર કરવુ પડશે ત્યારબાદ બીજા દિવસથી બેંકે નક્કી કરેલ મહતમ મર્યાદામાં ફંડ ટ્રાન્સફર કરી શકાશે.
એક ટ્રાન્ઝેકશનની મહત્તમ મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦/- સુધી છે.

૪. IMPS થી એક દિવસમાં કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય છે?

IMPS થી એક દિવસમાં ગમે તેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય છે.

૫. IMPS ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા શું કરવું ?

IMPS ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા માટે તમારે OTP દાખલ કરવો પડે છે.
(પ્રિય ગ્રાહકો, કયારેય પણ તમારો કાર્ડ નંબર, સમાપ્તિ તારીખ, સીવીવી, પિન, ઓટીપી, પાસવર્ડ, કોઈપણ સાથે તેમજ કોઈપણ રીતે શેર કરશો નહી. આનો દુરૂપયોગ થઈ શકે છે. બેંક કયારેય પણ ગ્રાહકો પાસે આવી વિગતો માંગતી નથી.)

૬. IMPS કઈ Application થી કરી શકાય છે?

IMPS The Surat Mercantile Co.op. Bank Ltd. ની Mobile Application દ્વારા જ કરી શકાશે. IMPS નેટ બેંકીંગથી થઈ શકશે નહીં.

૭. IMPS વડે દિવસ દરમ્યાન કેટલું ફંડ રીસીવ્ડ કરી શકાય?

IMPS વડે ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

IMPS વડે ફંડ રીસીવ્ડ કરવા માટે **IFSC CODE :-YESB0SMCB05** નો ઉપયોગ કરવાનો રહેશે.

૮. IMPS વડે ફંડ રીસીવ્ડ કરવા માટે મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ જરૂરી છે?

મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતા ના હોય તો પણ IMPS થી ફંડ રીસીવ્ડ કરી શકાય છે.

૯. IMPS ટ્રાન્ઝેકશન Failed થયેલ હોય તો તે ખાતામાં પરત ક્યારે જમા થશે ?

સામાન્ય રીતે Failed ટ્રાન્ઝેકશન તરત જ ખાતામાં રીવર્સ થઈ જાય છે પરંતુ જો તે તરત રીવર્સ ના થયુ હોય તો બીજા દિવસે IMPS ટ્રાન્ઝેકશન્સનું રીકન્સીલેશન થાય છે અને બેંક તે Failed ટ્રાન્ઝેકશન મેન્યુઅલી જમા આપે છે.

Convenience of

digital Transactions Transact anytime,

anywhere

NEFT RTGS

૧. NEFT સેવાનો ઉપયોગ કોણ કરી શકે છે?

NEFT સેવાનો ઉપયોગ The Surat Mercantile Co.op. Bank Ltd. ના સેવીંગ્સ, કરંટ તથા સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકે છે.
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.

૨. NEFT કેવી રીતે કરી શકાશે?

The Surat Mercantile Co.op. Bank Ltd.ની મોબાઈલ બેંકીંગ App વડે તથા બેંકના કાઉન્ટર પરથી NEFT થઈ શકશે.

૩. NEFT કરવા માટે કઈ વિગતોની જરૂર પડે છે?

બેનીફીશીયરી એકાઉન્ટ નંબર, બેનીફીશીયરી નામ અને સામેની બેંકના IFSC Code ની જરૂર પડે છે.

૪. NEFT થી એક દિવસમાં કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય?

એક દિવસમાં ગમે તેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય.

૫. NEFT વડે દિવસ દરમ્યાન કેટલુ ફંડ રીસીવ્ડ કરી શકાય છે ?

NEFT વડે ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

૬. NEFT ફંડ રીસીવ્ડ કરવા માટે મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ જરૂરી છે ?

મોબાઈલ બેંકીંગ / નેટ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતા ના હોય તો પણ NEFT થી ફંડ રીસીવ્ડ કરી શકાય છે.

૭. RTGS સેવાનો ઉપયોગ કોણ કરી શકે છે ?

The Surat Mercantile Co.op. Bank Ltd.ના સેવીંગ્સ, કરંટ તથા સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકે છે.
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.

૮. RTGS કેવી રીતે કરી શકાય છે ?

The Surat Mercantile Co.op. Bank Ltd. ની શાખા કાઉન્ટર પરથી જ RTGS કરી શકાય છે. નેટબેંકીંગ/મોબાઈલ બેંકીંગ થી RTGS થઈ શકશે નહીં.

૯. RTGS કરવા માટે કઈ વિગતોની જરૂર પડે છે ?
બેનીફીશીયરી એકાઉન્ટ નંબર, બેનીફીશીયરી નામ અને સામેની બેંકના IFSC Code ની જરૂર પડે છે.

૧૦. RTGS વડે દિવસ દરમ્યાન કેટલુ ફંડ રીસીવ્ડ કરી શકાય છે ?
RTGS વડે ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

૧૧. RTGS થી એક દિવસમાં કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય છે ?
RTGS થી એક દિવસમાં ગમે તેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાય છે.

Mobile Banking

૧. Mobile Banking નો ઉપયોગ કોણ કરી શકે છે ?

Mobile Banking નો ઉપયોગ The Surat Mercantile Co.op. Bank Ltd.ના સેવીંગ્સ, કરંટ અને સીસી-ઓડી ખાતેદાર કરી શકે છે.
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવું જોઈએ.
માઈનોર ખાતેદાર Mobile Banking નો ઉપયોગ કરી શકશે નહીં.

૨. Mobile Banking કઈ રીતે ચાલુ કરવુ?

જો તમારી પાસે Android Phone હોય તો Google Play Store પરથી The Surat Mercantile Co Op Bank Ltd. ની Mobile App ડાઉન લોડ કરી ઈન્સ્ટોલ્ડ કરવી પડશે. અને જો તમારી પાસે iPhone હોય તો App Store પરથી The Surat Mercantile Co Op Bank Ltd. ની Mobile App ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ્ડ કરવી પડશે.

Mobile Banking શરૂ કરાવવા માટે ગ્રાહકે શાખા પર જઈને રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું પડશે. ત્યાર બાદ UserId અને Password SMS દ્વારા તમારા રજીસ્ટ્રર મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે.

૩. Mobile Banking માં નવો બેનીફીશીયર એડ કર્યા બાદ કયારે એકટીવ થશે?

Mobile Banking માં બેનીફીશીયરી એડ કર્યાનાં ૫ મીનીટ બાદ એકટીવ થશે.

૪. Mobile Banking થી નવા બેનીફીશીયરી માં પ્રથમ ટ્રાન્ઝેકશન કેટલાનું થશે?

Mobile Banking થી નવા બેનીફીશીયરીમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૧૦,૦૦૦/- સુધી થશે, ત્યારબાદ બેંકે નક્કી કરેલ મહત્તમ દૈનિક મર્યાદામાં ટ્રાન્ઝેકશન થશે.

૫. Mobile Banking નું User બ્લોક થઈ ગયુ છે, તો અનબ્લોક કરવા શું કરવું?

જો તમે મોબાઈલ બેંકીંગમાં લોગ ઈન કરતી વખતે ત્રણ વખત ખોટો પાસવર્ડ દાખલ કરશો તો તમારૂ User બ્લોક થઈ જશે, ત્યારબાદ જે તે શાખાનો સંપર્ક કરીને USER અનબ્લોક કરાવવાનો રહેશે.

૬. Mobile Banking થી પોતાના ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર કરી શકાય છે ?

Mobile Banking થી (Within My Account) પોતાના કસ્ટમર આઈડી હેઠળનાં તમામ સેવીંગ્સ, કરંટ, સીસી-ઓડી, લોન તથા રીકરીંગ ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકાય છે, અને તેના માટે બેનીફીશીયરી એકાઉન્ટ એડ કરવાની જરૂર નથી.

કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવું જોઈએ. માઈનોર ખાતેદાર Mobile Banking નો ઉપયોગ કરી શકશે નહીં.

૭. Mobile Banking થી પોતાના ખાતાઓમાં કેટલુ ફંડ ટ્રાન્સફર થઈ શકે?

Mobile Banking થી પોતાના ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર કરવાની કોઈ મર્યાદા નથી.

૮. Mobile Banking થી The Surat Mercantile Co.op. Bank Ltd.ના અન્ય ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર કરી શકાય છે?

Mobile Banking થી (Within My Bank) The Surat Mercantile Co.op. Bank Ltd.ના અન્ય સેવીંગ્સ, કરંટ, સીસી-ઓડી, લોન તથા રીકરીંગ ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકાય છે. The Surat Mercantile Co.op. Bank Ltd.નું અન્ય ખાતું બેનીફીશીયરી માં એડ કરવું પડશે.

૯. Mobile Banking થી અન્ય બેંકનાં ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર કરી શકાય છે?

Mobile Banking થી અન્ય બેંકનાં ખાતામાં NEFT વડે ફંડ ટ્રાન્સફર કરી શકાય છે. એક વખત અન્ય બેંક એકાઉન્ટ બેનીફીશીયરી માં એડ કરવું પડશે. દૈનિક મહત્તમ રૂ. ૨,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરી શકાશે.

Mobile Banking થી અન્ય બેંકનાં ખાતામાં IMPS વડે ફંડ ટ્રાન્સફર કરી શકાય છે. એક વખત અન્ય બેંક એકાઉન્ટ બેનીફીશીયરી માં એડ કરવું પડશે. અને તેમાં પ્રથમ ટ્રાન્ઝેકશન રૂ. ૧૦,૦૦૦/- સુધી કરી શકાય છે, ત્યારબાદ બેંકે નક્કી કરેલ મહત્તમ દૈનિક મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર કરી શકાય છે .

૧૦. Mobile Banking થી અન્ય બેંકના ખાતાઓમાં કેટલું ફંડ ટ્રાન્સફર કરી શકાય છે?

Mobile Banking થી અન્ય બેંકના ખાતાઓમાં દૈનિક મહત્તમ IMPS થી રૂ. ૨,૦૦,૦૦૦/- + NEFT થી રૂ. ૨,૦૦,૦૦૦/- કુલ રૂ. ૪,૦૦,૦૦૦/- સુધી ફંડ ટ્રાન્સફર કરી શકાય છે.

૧૧. Mobile Banking માં મારા એકાઉન્ટની કઈ વિગતો જોવા મળશે?

Mobile Banking માં ડીપોઝીટ એકાઉન્ટ તથા લોન એકાઉન્ટનું મીની સ્ટેટમેન્ટ (છેલ્લા ૧૦ વ્યવહાર) જોઈ શકાશે.

દરેક એકાઉન્ટનું ડીટેઈલ સ્ટેટમેન્ટ (એક વર્ષનાં સમય ગાળાનું) જોઈ શકાશે તથા ડાઉનલેડ કરી શકાશે.

૧૨. Mobile Banking માં એકાઉન્ટના ચેકની વિગત જોવા મળશે?

Mobile Banking માં યુઝડ અને અનયુઝડ ચેકની વિગતો જોવા મળશે .
Mobile Banking વડે **નવી ચેકબુક**ની રીકવેસ્ટ કરી શકાશે.

૧૩. Mobile Banking ના ઉપયોગથી ચેકબુક રીકવેસ્ટ કર્યા પછી કયારે લેવા જવાની?

Mobile Banking ના ઉપયોગથી ચેકબુક રીકવેસ્ટ કર્યા પછી તમારી ચેકબુક સામાન્ય રીતે ૨-૩ વર્કીંગ દિવસમાં બની જતી હોય છે, જે શાખા પરથી મેળવી લેવી.

૧૪. Net Banking / Mobile Banking પાસવર્ડ ભુલાઈ ગયેલ છે તો શું કરવું?

તમારે તમારા રજીસ્ટર્ડ મોબઈલ પરથી Mobile Banking App. માં જઈ Forgot Password નો ઉપયોગ કરી તમે તમારો નવો પાસવર્ડ બનાવી શકો છો.

૧૫. OTP લેટ આવે છે / આવતો નથી ?

સામાન્ય રીતે બેંક OTP નો SMS તરતજ મોકલી આપતી હોય છે પરંતુ OTP મોકલવા માટે વચ્ચે મોબાઈલ નેટવર્ક ઓપરેટર હોય છે જે SMS ડીલીવરી કરે છે. જો મોબાઈલ પ્રોપર નેટવર્કમાં ના હોય તો OTP લેટ મળી શકે છે અથવા મળી શકતો નથી.

(પ્રિય ગ્રાહકો, કયારેય પણ તમારો કાર્ડ નંબર, સમાપ્તિ તારીખ, સીવીવી, પિન, ઓટીપી, પાસવર્ડ, કોઈપણ સાથે તેમજ કોઈપણ રીતે શેર કરશો નહી. આનો દુરૂપયોગ થઈ શકે છે. બેંક કયારેય પણ ગ્રાહકો પાસે આવી વિગતો માંગતી નથી.)

UPI

૧. The Surat Mercantile Co.op. Bank Ltd. નું ખાતુ UPI એપમાં લીંક કરવુ હોય તો શું જરૂરી છે?

કસ્ટમર આઈડી વ્યકિતગત (Individual) કોન્સ્ટીટયુશન વાળુ હોવુ જોઈએ.
રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પોતાના કસ્ટમર આઈડી સીવાય અન્ય કસ્ટમર આઈડીમાં રજીસ્ટર્ડ ન હોવો જોઈએ.
The Surat Mercantile Co.op. Bank Ltd. ના ડેબીટ કાર્ડનો ઉપયોગ કરતા હોવા જોઈએ
The Surat Mercantile Co.op. Bank Ltd.ની નેટબેંકીંગ / મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતા હોવા જોઈએ.
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસ (નોર્મલ) માં હોવું જોઈએ.
માઈનોર એકાઉન્ટમાં UPI લીંક થઈ શકશે નહીં.
UPI Appમાં તમારે એડ એકાઉન્ટ લીંક પર કલીક કરવું - ત્યાર બાદ બેંકનું લીસ્ટ આવશે તેમાં તમારે The Surat Mercantile Co.op. Bank Ltd. સીલેકટ કરવાનું રહેશે. - ત્યારબાદ Set Pin પર કલીક કરતા તમારે તમારા ડેબીટ કાર્ડની ડીટેઈલ દાખલ કરવાની રહેશે - ત્યારબાદ તમારા મોબાઈલ પર OTP આવશે - તે OTP દાખલ કરી તમારે ચાર અંકનો UPI PIN સેટ કરવાનો રહેશે.

૨. UPI માં કયા પ્રકારનાં ટ્રાન્ઝેકશન થાય છે ?

UPI માં તમે મોબાઈલ નંબર ઉપર તેમજ સામેવાળા વ્યકિતનાં એકાઉન્ટ નંબર તથા IFSC code વડે ફંડ ટ્રાન્સફર કરી શકાય છે.
UPI વડે તમે શોપીંગ પણ કરી શકો છો.
શોપ કાઉન્ટર પર રાખેલ QR કોડ સ્કેન કરી પેમેન્ટ કરી શકો છો.
ઓનલાઈન શોપીંગ પણ કરી શકો છો.

૩. UPI ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા શું કરવું?

UPI ટ્રાન્ઝેકશન પુર્ણ કરવા માટે તમારે UPI PIN દાખલ કરવો પડે છે.

૪. UPI વડે દિવસમાં કેટલા રૂ. નું ફંડ ટ્રાન્સફર કરી શકાય ?

દિવસ દરમ્યાન વધુમાં વધુ રૂ. ૪૦,૦૦૦/- નું ફંડ ટ્રાન્સફર કરી શકશો, પરતું એક ટ્રાન્ઝેકશનની મર્યાદા રૂ. ૨૦,૦૦૦/- સુધીની રહેશે.

૫. UPI વડે દિવસમાં કેટલા રૂ. નું શોપીંગ કરી શકાય?
દિવસ દરમ્યાન વધુમાં વધુ રૂ. ૪૦,૦૦૦/- નું શોપીંગ કરી શકશો, પરંતુ એક ટ્રાન્ઝેકશનની મર્યાદા રૂ. ૨૦,૦૦૦/- સુધીની રહેશે.

૬. UPI વડે દિવસ દરમ્યાન કેટલી વખત ફંડ ટ્રાન્સફર કરી શકાશે?
UPI વડે એક દિવસ દરમ્યાન ૧૦ ટ્રાન્ઝેકશન કરી શકશો.

૭. UPI વડે દિવસ દરમ્યાન કેટલું ફંડ રીસીવ્ડ કરી શકાય?
UPI વડે ફંડ રીસીવ્ડની કોઈ મર્યાદા નથી.

૮. UPI કઈ એપ પરથી કરી શકાય છે ?
UPI કરવા માટે BHIM, PhonePe, GPay, Amazon Pay, Freecharge,Myjio, PayTm, Whatsapp વગેરે જેવી UPI અનેબલ્ડ એપનો ઉપયોગ કરી શકાય.

૯. UPI થી ૫,૦૦૦/– થી વધુ ટ્રાન્ઝેકશન થતુ નથી તો શું પ્રોબ્લેમ હશે?
UPI કરવા માટે BHIM, PhonePe, GPay, Amazon Pay, Freecharge, Myjio, PayTm, Whatsapp વગેરે જેવી UPI અનેબલ્ડ એપ નો ઉપયોગ કરવો પડે જ્યારે પણ તમે આવી એપમાં તમારૂ ખાતુ લીંક કરો ત્યારે તે દિવસ પૂરતુ તે એપ માંથી રૂા. ૫,૦૦૦/ સુધીજ ટ્રાન્ઝેકશન કરી શકશો. બીજા દિવસથી બેંકે નક્કી કરેલ મહતમ મર્યાદામાં ટ્રાન્ઝેકશન કરી શકાશે.

૧૦. UPI ટ્રાન્ઝેકશન ફેઈલ્ડ થયેલ હોય તો તે ખાતામાં પરત ક્યારે જમા થશે.?
સામાન્ય રીતે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન તરત જ ખાતામાં રીવર્સ થઈ જાય છે પરંતુ જો તે તરત રીવર્સ ના થયુ હોય તો બીજા દિવસે UPI ટ્રાન્ઝેકશન્સનું રીકન્સીલેશન થાય છે અને બેંક તે ફેઈલ્ડ ટ્રાન્ઝેકશન મેન્યુઅલી જમા આપે છે.

Fraudulent transaction in your bank account?
Limit your loss.
Notify your bank immediately.

Net Banking (View Only)

૧. Net Banking (View Only) ની સેવાનો ઉપયોગ કોણ કરી શકે છે ?

Net Banking (View Only) ની સેવાનો ઉપયોગ The Surat Mercantile Co.op. Bank Ltd.ના સેવીંગ્સ, કરંટ અને સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકે છે.
કસ્ટમર મોબાઈલ બેંકીંગ સેવાનો ઉપયોગ કરતો હોવો જોઈએ.
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટમાં હોવુ જોઈએ.
માઈનોર ખાતેદાર આ સેવાનો ઉપયોગ લઈ શકશે નહી.

૨. Net Banking(View Only) શરૂ કરવા માટે શું કરવુ ?

Net Banking(View Only) શરૂ કરાવવા માટે ગ્રાહકે શાખા પર જઈને રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું પડશે.

૩. Net Banking(View Only) નો પાસવર્ડ ફોર્મેટ શું છે?

Net Banking(View Only) પાસવર્ડ ઓછામાં ઓછો 8 અંકનો હોવો જોઈએ.
પાસવર્ડમાં Alpha Uppercas (ABCD), Alpha Lowercase (abcd), સ્પેશીયલ કેરેકટર (@#$) તથા નંબર (1234) નો ઉપયોગ હોવો જરૂરી છે.

૪. Net Banking(View Only) માં લોગઈન કયાંથી કરી શકાશે?

Net Banking(View Only) - The Surat Mercantile Co.op. Bank Ltd. ની વેબસાઈટ (www.sumcobank.com) ના હોમ પેઈજ પર નેટબેંકીંગ બટન પર કલીક કરતા નેટબેંકીંગ ઓપન થશે.

૫. Net Banking(View Only) નું USER બ્લોક થઈ ગયું હોય તો, અનબ્લોક કરવા શું કરવુ?

જો તમે Net Banking માં લોગઈન કરતી વખતે ત્રણ વખત ખોટો પાસવર્ડ દાખલ કરશો તો તમારૂ USER બ્લોક થઈ જશે ત્યારબાદ જે તે શાખાનો સંપર્ક કરીને USER અનબ્લોક કરાવવાનો રહેશે.

૬. Net Banking(View Only) માં મારા એકાઉન્ટની વિગત જોવા મળશે?

Net Banking માં સેવીંગ્સ, કરંટ, સીસી - ઓડી એકાઉન્ટની માહિતી મળે છે.
Net Banking માં સેવીંગ્સ, કરંટ, સીસી - ઓડી એકાઉન્ટનું **મીની સ્ટેટમેન્ટ** (છેલ્લા ૧૦ વ્યવહારો) જોઈ શકાશે.
Net Banking માં દરેક એકાઉન્ટનું **ડીટેઈલ સ્ટેટમેન્ટ** (એક વર્ષનાં સમય ગાળાનું) જોઈ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે.

૭. Net Banking(View Only) માં મારા એકાઉન્ટના ચેકની વિગત જોવા મળશે ?

Net Banking માં યુઝડ અને અનયુઝડ ચેકની વિગતો જોવા મળશે .

Net Banking વડે **નવી ચેકબુક**ની રીકવેસ્ટ કરી શકાશે.

TELEGRAM BANKING

૧. Telegram Banking શું છે ?

Telegram Banking થી The Surat Mercantile Co. Op Bank Ltd. ના તમારા એકાઉન્ટ બેલેન્સ, મીની સ્ટેટમેન્ટ, ડીપોઝીટ ઈન્ટરેસ્ટ રેટ, લોન ઈન્ટરેસ્ટ રેટ તથા બેંક હોલીડેનું લીસ્ટ જાણી શકાય છે.

૨. Telegram Banking નો ઉપયોગ કોણ કરી શકશે ?

The Surat Mercantile Co.op. Bank Ltd.ના સેવીંગ્સ, કરંટ તથા સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકાશે.

કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.

૩. Telegram Banking નો ઉપયોગ કેવી રીતે કરશો ?

The Surat Mercantile Co.op. Bank Ltd. ની શાખા પર જઈને ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવવું પડશે. ત્યાર બાદ SMS દ્વારા તમારા રજીસ્ટર મોબાઈલ નંબર પર SMS આવશે. આ SMS માં એક લીંક આવશે. આ લીંક પર કલીક કરતાજ The Surat Mercantile Co.op. Bank Ltd. નું પેજ ટેલીગ્રામ એપ્લીકેશનમાં ઓપન થશે. ત્યા Start બટન પર કલીક કરી વેરીફીકેશન કરવું ત્યાર બાદ Send Contact બટન પર કલીક કરવું અને આવેલ મેસેજ માં Share Contact પર કલીક કરવું. મોબાઈલ નંબરનું વેરીફીકેશન થતાજ મેનું ઓપ્સન આવશે. આ મેનું ઓપ્સનના ઉપયોગથી તમે ઉપરની વિગતો જાણી શકશો.

Exercise caution
while banking on digital platforms

TOLL FREE BANKING

૧. Toll Free Banking નો ઉપયોગ શું છે ?

Toll Free Banking ના ઉપયોગ થી The Surat Mercantile Co. Op Bank Ltd. ના તમારા એકાઉન્ટ બેલેન્સ જાણી શકાય છે તથા તમારો Debit Card બ્લોક કરી શકાય છે.

૨. Toll Free Banking નો ઉપયોગ કોણ કરી શકશે ?

The Surat Mercantile Co. Op Bank Ltd. ના સેવીંગ્સ, કરંટ તથા સીસી-ઓડી ખાતેદાર ઉપયોગ કરી શકાશે.
કસ્ટમરનું એકાઉન્ટ ઓપન સ્ટેટસમાં હોવુ જોઈએ.
Toll Free Banking નો ઉપયોગ કરવા માટે કોઈ રજીસ્ટ્રેશનની જરૂર નથી.

૩. Toll Free Banking નો ઉપયોગ કેવી રીતે કરશો ?

Account Balance :

The Surat Mercantile Co. Op Bank Ltd. ના ટોલ ફ્રી નંબર 07949130482 પર તમારા રજીસ્ટર મોબાઈલ નંબર પરથી મીસ કોલ કરવાથી એકાઉન્ટ બેલેન્સ SMS ધ્વારા મોકલવામાં આવશે.

Debit Card Block :

The Surat Mercantile Co. Op Bank Ltd. ના ટોલ ફ્રી નંબર 07949130492 પર તમારા રજીસ્ટર મોબાઈલ નંબર પરથી મીસ કોલ કરવાથી તમારો ડેબીટ કાર્ડના તમામ ટ્રાન્ઝેકશન બ્લોક (બંધ) થઈ જશે.

E-Statement

૧. Email પર સ્ટેટમેન્ટ મંગાવવા શું કરવું?

તમારું Email Address શાખા પર જઈને તમારા કસ્ટમરમાં અપડેટ કરાવવાનું રહેશે ત્યાર બાદ દર મહિનાની પ્રથમ તારીખે તમારા ખાતાનું સ્ટેટમેન્ટ Email દ્વારા મોકલવામાં આવશે.

૨. Email પર મળેલ સ્ટેટમેન્ટ ઓપન કરવાનો Password શું હોય છે ?

તમારા Email પર મળેલ સ્ટેટમેન્ટ ઓપન કરવા માટે તમારા ખાતાનાં નામના પ્રથમ ચાર અક્ષર અને તમારા Customer ID ના પ્રથમ ચાર અક્ષરનું કોમ્બીનેશન એ તમારો Password રહેશે. દાખલા તરીકે નામ (RONAK JANI) છે અને

Positive Pay

૧. Positive Pay શું છે?

બેંકના કસ્ટમર તેના પેમેન્ટ સ્વરૂપે તેની પાર્ટીને ચેક આપે તે ચેક બાબતે સુરક્ષીત પેમેન્ટ થાય તે માટે RBI એ સુચવેલી પ્રોસેસ છે. ચેક ઈસ્યુ કરનાર ગ્રાહકે તેણે લખેલ ચેકની વિગત જેવીકે ચેક નંબર, ચેક તારીખ, પેઈનું નામ, રકમ વગેરે વિગત બેંકને આપવી પડશે. જ્યારે તે ચેક પાસ થવા માટે બેંકમાં રજુ થશે ત્યારે ચેક ઈસ્યુ કરનાર કસ્ટમરે આપેલ વિગત સાથે તે ચેક મેચ કરશે અને ત્યારબાદ તે ચેક પાસ કરશે.

૨. Positive Pay કેવી રીતે ઉપયોગી છે?

Positive Pay માં ચેક ઈસ્યુ કરનાર ગ્રાહકે તેણે લખેલ ચેકની વિગત જેવીકે ચેક નંબર, ચેક તારીખ, પેઈનું નામ, રકમ વગેરે વિગત બેંકને આપવી પડશે. બેંક આવી વિગતો ચેક કરી ઈસ્યુ થયેલ ચેક પાસ કરશે. કોઈ વખત છેતરપીંડી કરનાર વ્યકિત તેને પેમેન્ટ સ્વરૂપે આપેલ ચેકમાં રકમ / નામ માં ફેરફાર કરી શકે છે અને તે ચેક જો બેંકમાં પાસ થાય તો ચેક ઈસ્યુ કરનાર વ્યકિતનું હિત જોખમાઈ શકે છે. આવી છેતર પીંડી અટકાવવા આ સીસ્ટમ અમલમાં આવી છે.

Fraudulent transaction in your bank account?
Limit your loss.
Notify your bank immediately.

CYBER SECURITY TIPS

૧. ટેકનોલોજીનો બેલેન્સ ઉપયોગ એટલે શું?

જવાબ : ટેકનોલોજીની નિંદા કરવા કરતા કે તેનો ઉપયોગથી ડરવા કરતા ટેકનોલોજીનો આપણા વશમાં કરી તેનો સદુપયોગ કરતા રહીએ અને તેના દુરૂપયોગથી બચતા રહીએ એ ટેકનોલોજીનો બેલેન્સ ઉપયોગ કહેવાય.

૨. આજે સ્માર્ટફોનની તાકાત શું છે? અને શું એ ફોન ખરેખર સુરક્ષિત છે?

જવાબ : પહેલા એપોલો મિશન (ચંદ્રયાન)ની જે સ્પીડ હતી એના કરતા પણ આજના સ્માર્ટફોનની સ્પીડ વધારે છે. **કોઈપણ ફોન સંપૂર્ણ રીતે સુરક્ષિત નથી, એટલે સાવધાની રાખવી જરૂરી છે,** કેમ કે, કોઈ પણ ફોનમાં ગમે તેટલી સિકયુરીટી હોય તોપણ ઈન્ટરનેટવાળો ફોન કયારેય પણ સંપૂર્ણ સુરક્ષિત હોતો નથી. **સ્માર્ટફોન ખરેખર સ્માર્ટ છે માટે આપણે એના કરતા પણ વધારે સ્માર્ટ રહેવું ખુબ જરૂરી છે.** માટે શકય હોય ત્યાં સુધી તેની ગંભીરતા ન જાણતા હોય તેવા ટીનેજર્સ, અશિક્ષિત કે અસાવધ લોકોને સ્માર્ટફોન ન આપવો અથવા સ્માર્ટફોન યુઝ કરવા વિશે ટ્રેનીંગ આપવી.

૩. કેવો પાસવર્ડ સુરક્ષિત કહી શકાય?

જવાબ : શકય હોય ત્યાં સુધી પાસવર્ડ લાંબો રાખવો તથા પાસવર્ડમાં શબ્દની સાથોસાથ નંબર અને સ્પેશ્યલ શબ્દ (જેવા કે @ # $ % ^ * ! + વગેરે) હોય તેને સુરક્ષિત પાસવર્ડ કહી શકાય.

સાવધાની : **બધા જ એકાઉન્ટના પાસવર્ડ સરખા ન રાખવા.** એક થી વધારે પાસવર્ડને સાચવવા માટે પાસવર્ડ મેનેજર સોફ્વેર અથવા એપ્લીકેશનનો યુઝ કરી શકાય.

૪. શું તમારો ફોન ફેસ રીડીંગ લોક (ચહેરાથી લોક) અથવા ફીંગરપ્રિન્ટ લોકથી સુરક્ષિત છે?

જવાબ : સંપુર્ણ સુરક્ષિત કહેવા કરતા વધારે સુરક્ષિત છે એમ કહી શકાય. જ્યારે ફોન ખોવાય જાય ત્યારે આ લોક ઘણો સુરક્ષિત સાબિત થાય છે.

૫. શું FaceBook કે YouTube માં જોવા મળતા બધા વિડિયો ૧૦૦% સાચા જ છે?

જવાબ : ના, આજે કોઈ વિડિયોમાં કોઈ વ્યકિત બોલે છે પણ એ વિડિયોનો ઓડિયો બદલી એ વ્યકિતના હોઠના બદલાવ (લીપ્સીંગ) સાથે બીજો કોઈપણ ઓડિયો ગોઠવી શકાય છે. આ પ્રકારના સુધારાને 'ડીપ ફેક' કહેવાય છે. આથી સમાજમાં બે જુથની વચ્ચે તણાવની સમસ્યા ઉભી કરી શકાય છે.

૬. સુરક્ષિત રહેવા માટે આપણે સ્માર્ટફોનનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ?

જવાબ : (૧) સ્માર્ટફોનમાં સૌ પ્રથમ શકય હોય ત્યાં સુધી બિનજરૂરી કાંઈ પણ ઈન્સ્ટોલ ન કરવું તથા સ્માર્ટફોન વિશે તથા તેમાની બધી એપ્લીકેશનની મૂળભૂત માહિતી આપણી પાસે હોવી જોઈએ.

(૨) આપણો ફોન અવિશ્વાસુ કે અજાણ વ્યકિતને કયારેય પણ ન દેવો.

(૩) બહાર ગયા હોઈએ ત્યારે પબ્લીક ચાર્જીંગમાં નેટ શરૂ રાખીને કયારેય ફોન ચાર્જ કરવા ન મુકવો.

(૪) બેંકની વિગતો, પાસવર્ડ વગેરે મોબાઈલમાં સેવ કરીને ન રાખવા.

(૫) તદુપરાંત જે વ્યકિત આના નિષ્ણાંત હોય એમની પાસેથી ફોનનો ઉપયોગ કરતાં શીખવું જોઈએ.

૭. ફોન ખોવાઈ જાય કે ચોરી થઈ જાય તો પહેલા શું કરવું?

જવાબ : સૌથી પહેલા **મોબાઈલમાં રહેલા બેંકીંગ, ઈ-મેઈલ અને સોશિયલ મીડીયા એકાઉન્ટના પાસવર્ડ બહારથી બદલી નાખવા.** જો તમે ''ફાઈન્ડ માય ડીવાઈસ'' એપ્લીકેશન મોબાઈલમાં રાખી હોય તો ખોવાયેલ ફોન ગમે ત્યાંથી લોક કરી શકાય છે. જેથી ફોનના ડેટાનો દુરપયોગ અટકાવી શકાય છે.

૮. SMS કે ઈ-મેઈલમાં કોઈ અજાણ્યા નંબરથી બેંકને લગતી લીંક આવે તો શું કરવું?

જવાબ : આવા પ્રકારની કોઈપણ લીંકને કયારેય પણ ખોલવી જ નહિ અને લોગઈન પણ ન કરવું. અને આવા મેસેજ તરત ડીલીટ કરી નાખવા જેથી ભુલથી કોઈ દ્વારા લીંક ખુલી ન જાય.

૯. ફોન એપ્લીકેશન દ્વારા લેવાતી વ્યકિત વિષેની માહિતી સુરક્ષિત છે કે નહિ?

જવાબ : ના, અત્યાર સુધી કોઈ એવો કાયદો નથી કે એપ્લીકેશન દ્વારા વ્યકિતગત માહિતી શા માટે લેવાય રહી છે. એ માહિતીનો ઉપયોગ માર્કેટીંગ કે બીજા ઉપયોગ માટે પણ થઈ શકે છે. એટલા માટે મોબાઈલમાં શકય હોય તેટલી ઓછી એપ્લીકેશન રાખવી.

૧૦. વોટ્સએપના ઉપયોગ દરમ્યાન શું સવધાની રાખવી ?

જવાબ : વોટ્સએપમાં કોઈ પણ પ્રકારની ગુપ્ત માહિતી કે ફોટા-વિડિયો વગેરે શેર ન કરવા. કેમ કે આપણે મોકલેલ દરેક માહિતી તેના સર્વરમાં કાયમી સ્ટોર થાય છે. કદાચ આપણે વોટ્સએપમાંથી ડિલીટ કરી નાખીએ તો પણ તેના સર્વરમાં તો એ રહે જ છે.

૧૧. ફોનને વાઈરસથી કેમ બચાવી શકાય?

જવાબ : તમારા ફોનમાં એન્ટીવાયરસ ૧૦૦% રાખો. અને અજાણી લીંક કે અજાણી એપ્લીકેશન પર કલીક કરવું નહીં.

૧૨. ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અને બેંકીંગ ડીટેલ્સને લગતા પ્રશ્નો આવે તો શું કરવું?

જવાબ : આ પરિસ્થિતી માં કોઈ દિવસ ડેબીટ/ક્રેડીટ કાર્ડ નંબર અને બેંકીંગ ડીટેલ્સની માહિતી કોઈ દિવસ કોઈને પણ આપવી નહી (ફોન પર અજાણ્યાને તો ખાસ ન આપવી). ઉપરાંત જરૂર ન હોય તો ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન બંધ કરાવી દેવું.

૧૩. આપણે જ્યારે ખબર પડે કે આપણા બેંકના ખાતામાંથી પૈસા કાઢવામાં આવ્યા છે અને આ પ્રક્રિયા આપણા દ્વારા થઈ નથી ત્યારે શું કરવુ?

જવાબ : રીઝર્વ બેંક દ્વારા કાયદો બનાવવામાં આવ્યો છે કે **૪૮ કલાકમાં બેંકમાં અને સાયબર સેલ પોલીસ સ્ટેશનમાં રીપાર્ટ કરાવવો.** જો તમે ૪૮ કલાકમાં રીપોર્ટ ન કર્યું તો પછી બેંક આપણી કાંઈ મદદ નહિ કરી શકે. www.cybecrime.gov.in વેબસાઈટ પર ઓનલાઈન પણ ફરીયાદ લખાવી શકાય છે.

૧૪. આપણે કોઈપણ પ્રકારની માહિતી કોઈને પણ આપી ન હોય છતાં અચાનક કોઈ SMS આવે ને બેંકના ખાતામાંથી પૈસા ઘટવા લાગે તો શું કરવું?

જવાબ : આવુ કાંઈક થાય તો તરત જ બેંકમાં જઈને માહિતી આપવી. કેમ કે, આ બાબતે બેંકની જવાબદારી બને છે. બેંક બંધ હોય તો ઈમરજન્સીમાં કસ્ટમર કેરમાં ફોન કરી ખાતાને તથા કાર્ડને ટેમ્પરરી બ્લોક કરાવવું.

૧૫. OTP (વન ટાઈમ પાસવર્ડ) નંબર અને ડેબીટ કે ક્રેડીટ કાર્ડના નંબર કોઈને આપવા જોઈએ કે નહિ ?

જવાબ : ના, OTP નંબર અથવા આપણા ડેબીટ કે ક્રેડીટ કાર્ડના નંબર કોઈ દિવસ કોઈને પણ ન આપવા.

૧૬. પબ્લિક વાઈ-ફાઈમાં પર્સનલ લોગ ઈન આઈડીથી લોગ ઈન કરવું જોઈએ કે નહીં?

જવાબ : ના, કેમકે આ પ્રકારના વાઈ-ફાઈ સુરક્ષિત નથી. પબ્લીક વાઈ-ફાઈનો ઉપયોગ કરતી વખતે ઈન્ટરનેટ બેંકીંગ અને પર્સનલ એકાઉન્ટનો ઉપયોગ શકય હોય તો ન જ કરવો.

૧૮. KYC (Know Your Customer બેંક કસ્ટમર પાસેથી વેરીફીકેશન માટે પર્સનલ આઈ-ડી લે) આપણું કરાવવું જોઈએ કે નહિ?

જવાબ : KYC થી આપણે ડરવું જાઈએ નહીં બસ આપણે જેને આપીએ છીએ એ વ્યકિતનું વેરીફીકેશન કરી લેવું જોઈએ.

Fraudulent transaction in your bank account?

Limit your loss.

Notify your bank immediately.

મહત્ત્વના મુદ્દઓ

કયારેય કોઈ અજાંયા નંબર પરથી અધિકારીના કોલ આવે કે. ડેબીટ કે ક્રેડીટ કાર્ડમાં ઓફરો ચાલે છે, 'મફતમાં કાર્ડ મળે છે' અથવા 'તમારું કાર્ડ બ્લોક થઈ ગયું છે' વગેરે કરીને આપણી પાસે કાર્ડની વિગતો, બેંકની વિગતો, OTP, આધારકાર્ડ નંબર વગેરે માગે તો કયારેય ન આપવો. એમ કહેવું કે, અમે રૂબરૂ બેંકમાં જઈને મળી લઈશું.

કોઈ વ્યકિત તમને ફોન કરી કહે કે 'હું જીઓ/વોડાફોન/એરટેલ/આઈડિયા કસ્ટમર કેરમાંથી બોલું છું. તમારા મોબાઈલમાં નેટવર્કનો પ્રોબ્લેમ છે. પ્લીઝ ૧ દબાવો તો આ પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે.' જો તમે ૧ દબાવશો તો તરત જ નેટવર્ક ૦ (ઝીરો) થઈ તમારો ફેન હેક થઈ જશે અને તરત જ તેઓ તમારું એકાઉન્ટ ખાલી કરી નાંખશે અને તમને બેંકમાંથી કોઈ મેસેજ કે માહિતી પણ નહિં મળે. આવા ફ્રોડથી બચવા અજાણી વ્યકિતઓ સાથે લાંબી વાત કરવી નહીં. નેટવર્કનો પ્રોબ્લેમ ૦ કે ૧ દબાવવાથી સોલ્વ થતો નથી. માટે તેમાં ફસાવું નહીં.

કોઈપણ બેંક કે કંપની પોતાના કસ્ટમરનું એકાઉન્ટ ઈમરજન્સીમાં બંધ કરતી નથી, એટલે એકાઉન્ટ બંધ થઈ જવાના ડરથી કોઈ પ્રકારની માહિતી અજાણ્યા વ્યકિતને કયારેય આપવી જ નહીં. ખાતરી કરવા માટેબેંકની રૂબરૂ મુલાકાત લેવી એ જ સૌથી વધુ હિતાવહ છે. આધારકાર્ડ, પાનકાર્ડ વગેરે બેંકમાં લિંક કરાવવાના થાય તો રૂબરૂ જઈને જ લિંક કરાવવા. કોઈના ફોન આવે તો વિગત ન આપવી.

કોઈ ફોન આવે કે ભૂલથી તમારા ખાતામાં ૧૦૦ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા છે અથવા મારી નોકરીના અરજીના ફોર્મમાં ભુલથી તમારો નંબર લખાઈ ગયો છે. હવે ફોન કરનાર વ્યકિત તમને રૂપિયા પરત કરવા કે નંબર ચેન્જ કરવા માટે તમારા મોબાઈલમાં આવેલ OPT માંગે તો OTP આપવો નહીં.

સોશિયલ મીડિયા પર પ્રજાસત્તાક દિન, જન્મદિન, નવા વર્ષની શુભેચ્છા વગેરે માટે આવેલા સંદેશાઓને અનલોક કરવા માટે તમારા અંગૂઠાને મોબાઈલ સ્કીન પર મૂકવા કહે તો 'તમારો અંગૂઠો કયાંય મૂકશો નહીં.'

OXL જેવી ઓનલાઈન લે-વેચ કરતી કંપનીઓ સાથે વ્યવહાર કરતી વખતે તો ખાસ સાવચેત રહેવું. કેમ કે, સાવધાની ન રાખીએ તો એવામાં છેતરપીંડી કરીને આપણા પૈસા પડાવી લેવાના ઘણા કિસ્સાઓ બનેલ છે. અજાણી વેબસાઈટ કે એપ. માંથી કયારેય લે-વેચ કરવી નહીં. ATM માંથી પૈસા ઉપાડતી વખતે પણ

ખાસ સાવધાની રાખવી. જેવી કે, આપણી આજુબાજુમાં કાઈ હોય તો આપણો પીન નંબર ખાનગી રીતે નાખવો. આપણને પૈસા ઉપાડતા ન આવડતું હોય તો કોઈ વિશ્વાસુને સાથે લઈ જવો. પરંતુ ત્યાં ATM માં કોઈ હાજર હોય તેને કાર્ડ આપીને શીખવાડવાનું ન કહેવું.

આપણો બગડેલો મોબાઈલ કોઈને રીપેર કરવા આપવાનો થાય તો પણ આપણા જાણીતા વિશ્વાસુને જ આપવો. કેમ કે, એમાંથી ડેટા રીકવર કરીને આપણો ડેટા ચોરી કરી શકે છે. અથવા મોબાઈલના ઓરિજીનલ પાટ્સ પણ બદલી શકે છે.

Google Pay વગેરે જેવી ઓનલાઈન ટ્રાન્ઝેકશન જેવી એપનો ઉપયોગ કરતી વખતે પણ ખાસ સાવધાની રાખવી. જેમાં Pay અને Request બંને ઓપ્શન આવે છે. કોઈને આપણને પૈસા મોકલવા હોય તો આપણે કાંઈ જ કરવાનું રહેતું નથી. પણ પૈસા મોકલવાના બહાને એ પૈસાની Request મોકલે અને આપણે જોયા વગર Accept કરીએ અને UPI PIN નાખીએ તો પૈસા આવાને બદલે આપણા પૈસા જતા રહે છે.

Debit Card

Unified Payments Interface

Immediate Payment Service

Card Safe Application

NEFT RTGS

Mobile Banking

NetBanking (ViewOnly)

Telegram Banking

TollFree Banking

E-Statement



Positive Pay System

RBI Kehta Hai...
Jaankar Baniye,
Satark Rahiye!

ડિપોઝીટ ઈન્સ્યોરન્સ DICGE હેઠળ આપણી બેંકની રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) સુધીની થાપણો સુરક્ષિત છે.